જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૬૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૩,૧૨,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૨૧૮૫/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તથા (૨) ઓઢવ પો.સ્ટે. પાર્ટ એ: ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૨૦૩૨૭/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ તથા (૩) નરોડા પો.સ્ટે. પાર્ટ:એ: ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૪૪૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાઓના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૯૦૫/૨૦૨૨ તા-૧૬/૧૦/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૬/૧૦/૨૦૨૨ ના કલાક-૧૯/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૬/૧૦/૨૦૨૨

### આરોપીનુ નામ -

સુનિલ ઉર્ફે સોકો નટવરભાઇ ઠાકોર ઉ.વ.૨૨ રહે: ચામુંડાની ચાલી મામા કલ્યાણની બાજુમાં માછલી સર્કલ પાસે, નરોડા, અમદાવાદ શહેર મુળ વતન ગામ: કાકરેજ બનાસકાંઠા

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. વી.બી.સોલંકી તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા હે.કો. ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૨૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યકિતઓની અટકાયત કરી હતી.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૮/૨૦૨૨**

**નરોડાઃ** સર્વેશ ઉર્ફે સત્યાભાઇ સ/ઓ બિરેશસિંઘ તોમર (ઉ.વ.૨૮) (રહે.મુરલીધર હાઇટ્સ ડી-માર્ટની બાજુમાં દહેગામ રોડ નરોડા) તા.૧૫/૧૦/૨૦૨૨ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા ગામથી ઓટોરિક્ષામા બેસી દહેગામ સર્કલ તરફ જતા હતા ત્યારે ઓટોરિક્ષાના ચાલકે ઓટોરિક્ષા સદગુરૂ સર્કલ નજીક અવાવરૂ જગ્યાએ લઈ જઈ, રિક્ષાચાલક તેમજ રિક્ષામાં બેસેલ પાંચ વ્યક્તિઓએ ભેગા મળી સર્વેશ ઉર્ફે સત્યાભાઈ તોમરનો મોબાઈલ ફોન છીનવી લઈ તીક્ષ્ણ હથીયાર વડે હાથ-પગના ભાગે ઈજા કરી પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- તેમજ જરૂરી કાગળો લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સર્વેશ ઉર્ફે સત્યાભાઇ તોમરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૯/૨૦૨૨**

**પાલડીઃ** માધવી વા/ઓ દ્રુપલ શાહ (ઉ.વ.૪૦) (રહે. શ્રુષ્ટી-૪ પરીમલ હોસ્પીટલ પાસે ઝઘડીયા બ્રીજની બાજુમાં એલ.જી.કોર્નર મણીનગર) તા.૧૬/૧૦/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પાલડી ચંદ્રનગર આંબેડકર બ્રીજ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ માધવી શાહના ગળામાંથી સોના-પ્લેટેનીયમની ચેઇન કિમત રૂપિયા ૨૮,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માધવી શાહ એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**શાહીબાગઃ** મંજુબહેન વા/ઓ સુરેશકુમાર સરાફ (ઉ.વ.પપ) (રહે. ઓમ ટાવર વર્ષા સોસાયટી સામે ઘોડા કેમ્પ રોડ શાહીબાગ) તા.૧૬/૧૦/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે શાહીબાગ ઘોડા કેમ્પ રોડ બી.એસ.એન.એલ. ઓફિસની બાજુમાં હનુમાનજી મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાળા રંગની એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મંજુબહેન સરાફ ના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુબહેન સરાફ એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૦/૨૦૨૨**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ હીમાલયા પીનાકલ-૨ નામની નવી સાઇટ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા રાયમલભાઇ રૂગનાથભાઇ રબારી (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ.બુરેઠા તા.ભાભર જી.બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૦/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે ઓરડીમા લોખડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**મણિનગરઃ** અરૂણ વિધ્યાધર મિશ્રા (ઉ.વ.૪૨) (રહે. જ્ઞાનગંગા એપાર્ટમેન્ટ વિજયનગર પુના લિકરોડ સંતોષીમાતાના મંદિર પાસે, ઈસ્ટ થાણે કલ્યાણ મહારાષ્ટ્ર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા મણિનગર રેલ્વે ક્રોસિંગ પાસે આવેલ માનસરોવર હોટેલ રૂમ નંબર-૧૦૪ ખાતે પંખાના હુકમાં બેડ રનર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણિનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ ચલાવે છે.

**નારોલઃ** આનંદ સુન્દર નાયડુ (ઉ.વ.૩૫) (રહે. લક્ષ્મીનિવાસ હિરામાણેક સ્કુલની બાજુમાં નારોલ) એ અગમ્ય કરણસર તા.૧૬/૧૦/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા નારોલ સનરાઇઝ હોટલની બાજુમાં આવેલ સીંધોડા તલાવડીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી